chapter-4

# પ્ર ક ર ણ – ૪

## જીવનરેખા

## પ્રકરણ-૪

## જીવનરેખા

જે સમયપટ્ટીમાં ગુજરાતના જાહેર જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં સંખ્યાબંધ તેજસ્વી તારકો પ્રકાશી રહયા હતા તે જ સમયપટ્ટી ઉપર ડાહયાભાઇ ધોળશાજીનો આવિર્ભાવ થયો હતો. તેમનો જન્મ ૧૮૬૭માં માર્ચની ઓગણીસમી તારીખે (વિ. સં. ૧૯૨૩ના ફાગણ સુદ ચૌદશના રોજ) અમદાવાદમાં જૈન વીશા ઓસવાળ જ્ઞાતિના એક શ્રીમંત કુટુંબમાં થયો હતો. પિતાનું નામ ધોળશાજી હકમચંદ ઝવેરી હતું. પિતાનો વ્યવસાય ઝવેરાતનો હતો. શ્રીમંત પિતાના પુત્રનું બાળપણ જે સુખસગવડમાં જાય તેવું તેમનું બાળપણ ગયું હતું.

ડાહયાભાઇના પિતાનું ઘર અમદાવાદમાં ઝવેરીવાડમાં ડોશીવાડાની પોળમાં હતું. નજીકમાં જ જૈન દેરાસર અને ગોસાંઇજીની હવેલી હતાં. આજે એ મકાન એમના કોઇ વંશજના કબજામાં નથી. માબાપનાં સ્વભાવ અને સંસ્કાર વિશે વિસ્તૃત વિગતો મળી શકતી નથી. પણ ધાર્મિક સ્થાનોના સાન્નિધ્યે બાળક ડાહયાભાઇના ચિત્તમાં ધર્મના સંસ્કારો દૃઢ કરવામાં ભાગ ભજવ્યો હશે એમ અનુમાન કરી શકાય. વૈષ્ણવ હવેલીમાં પ્રહરે પ્રહરે વાગતાં ચોઘડિયાંનાં સંગીતે તેમના કર્ણમાં સંગીતની કળાના પ્રાથમિક સંસ્કાર રેડયા હશે એવું અનુમાન કરવામાં વાંધો નથી.

ડાહયાભાઇએ પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધું હશે અને બાળપણ કેવી રીતે વીતાવ્યું હશે તેની વિગતો મળી શકતી નથી. ૧૮૮૪-૮૫ના

વર્ષમાં તેમણે મેટ્રીક્યુલેશન પરીક્ષા પસાર કર્યાનો નિર્દેશ મળે છે.[1] તે પછી તે ગુજરાત કોલેજમાં દાખલ થયા હતા. તે વખતે તેમના સહાધ્યાયી તરીકે આનંદશંકર ધ્રુવ હતા.[2] કોલેજમાં એકાદ વર્ષથી વધુ વખત તેમણે ગાળ્યો હોય એમ લાગતું નથી. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં બને છે તેમ કોલેજનું શિક્ષણ છોડવા પાછળ આર્થિક સંકડામણ ડાહ્યાભાઇને નડી હોય એમ માની શકાય નહીં. શ્રીમંત નબીરાની બેફિકરાઇ પણ એમના સ્વભાવમાં તે વખતે હશે? ડિગ્રી મેળવવાની દરકાર નહીં હોય, પણ જ્ઞાનપિપાસા તો તેમનામાં હશે જ.

એ જમાનો બાળલગ્નનો હતો. શ્રીમંત કુટુંબનો છોકરો તો ઘોડિયામાંથી જ "ઝડપાય" એવું સામાજિક વાતાવરણ હતું. ડાહ્યાભાઇનાં લગ્ન ક્યારે થયાં હતાં તેની વિગત મળતી નથી, પરંતુ મેટ્રિક પાસ થયા પહેલાં તેમનું લગ્ન થયું હતું એ ચોક્કસ છે. પ્રથમ પત્ની ચંપાનું અવસાન ૧૮૮૪માં થયાનો ઉલ્લેખ શ્રી. જયંતિ દલાલ કરે છે.[3] ગત પત્નીને નિવાપાંજલિ રૂપે "ચંપાસ્મરણ" કાવ્ય તેમણે એ અરસામાં લખ્યું હતું. કાવ્યલેખનનો પ્રારંભ પણ આજ

---

૧ જુઓ "કુમાર", સળંગ અંક ૫૧૯, માર્ચ, ૧૯૬૭, પૃ. ૯૧.

૨ જુઓ "કુમાર", સળંગ અંક ૫૧૯, માર્ચ, ૧૯૬૭, પૃ. ૯૧.

3 જુઓ "રુચિ", વર્ષ ૫, અંક ૨, પૃ. ૭.

અરસામાં થાય છે. "સ્યાદ્વાદસુધા" અને "સમશેર બહાદુર" માં ૧૮૮૩ માં તેમની પ્રથમ કાવ્યકૃતિ "આત્મશિક્ષા" પ્રગટ થઇ હતી. કદાચ પત્નીના મૃત્યુના પ્રસંગે જ તેમને કોલેજ છોડવા પ્રેર્યાં હોય.

અભ્યાસ છોડયો, પણ વિદ્યાપ્રીતિ સહેજ પણ ઓછી થઇ નહોતી એમ એમની પ્રવૃત્તિની જે થોડીક વિગતો મળે છે તે પરથી કહી શકાય. કાવ્યરચનાની પ્રવૃત્તિ ચાલુ હતી. તેને અનુષંગે સંસ્કૃત સાહિત્યનો અને પિંગળ ને કાવ્યશાસ્ત્રનો અભ્યાસ પણ ચાલતો હતો.

એ જમાનાના કોઇપણ ગુજરાતી જુવાનની માફક ડાહ્યાભાઇનો પણ સોળસત્તર વર્ષની વયે સંસાર શરૂ થયો હતો. પ્રથમ પત્નીના અવસાન પછી બીજી વાર લગ્ન થયાં હતાં અને તે પત્ની અવસાન પામતાં તેમણે ત્રીજી વારનાં લગ્ન ચોત્રીસ વર્ષની ઉંમરે કર્યાં હતાં.

બીજી એક ઘટનાનો પણ સ્પષ્ટ ખુલાસો તેમના જીવન અંગે પ્રગટ થએલી સામગ્રીમાંથી[૪] મળી શકતો નથી. અભ્યાસ છોડયા પછી

---

૪ શ્રી. જયંતિ દલાલે ડાહ્યાભાઇના જીવન તેમજ નાટકો વિશે નોંધપાત્ર સંશોધન કર્યું છે. તે "કાયા લાકડાની માયા લુગડાની" એ પુસ્તક તેમજ તેમણે સંપાદિત કરેલ ડાહ્યાભાઇનાં નાટકોના ત્રણ મણકામાં રજૂ કરેલ વક્તવ્યરૂપે છે. ઉપરાંત રણજિતરામના નિબંધો" ભાગ. ૧ માં, "કુમાર" માસિકના માર્ચ ૧૯૬૭ના અંકમાં, "અર્વાચીન કવિતા" માં સ્વ. આનંદશંકરે પ્રગટ કરેલ "વસંત" નો "વધારો" માં, "વીસમી સદી"ના અંકોમાં "અભ્યાસ" ઓગસ્ટ ૧૯૬૭, "રુચિ" ફેબ્રુઆરી ૧૯૬૭ ને "સંસ્કૃતિ" ફેબ્રુઆરી ૧૯૬૬માં ડાહ્યાભાઇના જીવન વિશે માહિતી છે.

શ્રીમંત ઝવેરીના આ જુવાન પુત્રે મીઠાના એક ઇજારદારને ત્યાં નોકરી લીધી તેનું શું કારણ ? પિતા સાથે વૈમનસ્ય થયું હશે ? કે સ્વાશ્રયવૃત્તિથી પ્રેરાઇને નોકરી કરવા તૈયાર થયા હશે ? કે નિરુદ્યમ રહેવા કરતાં અનુભવ લેવાના ઇરાદાથી એમ કર્યું હશે ? પણ તેમણે ઇજારદારને ત્યાં નોકરી લીધી અને શેઠે "ઓકટોમ્બર" લખ્યું તે સુધારીને તેમના આ વાણોતરે "ઓકટોબર" કર્યું તેથી ચિડાઇને શેઠે આ ચોખલિયાને (?) નોકરીમાંથી રુખસદ આપી.[૫] ફાજલ સમયમાં આ ભાવનાશાળી જુવાન જૈન બાળકો અને સાધુઓને દેરાસરમાં જઇને સંસ્કૃત શીખવતો.[૬]

સંસ્કૃત ડાહ્યાભાઇનો પ્રિય વિષય હતો. પહેલી નોકરી છૂટયા પછી તરત જ એ વિષય શીખવવાનો વ્યવસાય તેમને મળી ગયો. ૧૮૮૪ના અંત ભાગમાં તેમની નિમણૂંક અમદાવાદની મિશન હાઇસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક તરીકે થઇ. જાણીતા પ્રાર્થનાસમાજી અને સામાજિક કાર્યકર સ્વ. ગટુભાઇ ધ્રુવ તેમના શિષ્ય હતા. ડાહ્યાભાઇની જન્મ-શતાબ્દીની ઉજવણી વખતે (માર્ચ ૧૯૬૭) અમદાવાદના ટાઉન-હોલમાં તેમણે પોતાના એ પ્રિય શિક્ષકનાં સંસ્મરણો રજૂ કરતાં કહ્યું હતું કે, " અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી હું મિશન હાઇસ્કૂલમાં ભણ્યો હતો. ડાહ્યાભાઇ સંસ્કૃતના શિક્ષક હતા. તે અમને ગુજરાતી

---

૫ જુઓ "કાયા લાકડાની ને માયા લુગડાની", પૃ. ૧૦૨.

૬ જુઓ "કાયા લાકડાની ને માયા લુગડાની", પૃ. ૧૦૨.

શીખવતા. પુરાણની વાતો કહેતા. ડાહ્યાભાઇના શીખવવામાં એટલો બધો રસ પડતો કે જે વિદ્યાથીઓ ભાગી જતા તે ડાહ્યાભાઇના પીરિયડમાં તો અચૂક હાજર રહેતા. ડાહ્યાભાઇ આ નોકરીકાળમાં નાટકનાં ગાયનો રચતા. એ મને એમના રૂમમાં બોલાવે અને નાટકનાં ગાયનો ગવડાવે. પછી નાટકનાં ગાયનોના ઢાળમાં ફેરફાર કરતા. એમનાં બધાંજ નાટક મેં જોયાં છે. નાનપણની સમજ પ્રમાણે "વીણાવેલી" ખૂબજ ગમતું. તેમનાં નાટકોની કવિતા ખૂબજ ઊંચા પ્રકારની લાગી હતી. તેનું કારણ સંસ્કૃત અને અંગ્રેજીનો તેમનો અભ્યાસ હતો.*૭

ડાહ્યાભાઇએ પહેલી નોકરી કેટલો વખત કરી અને ક્યારે છોડી એની વિગત જાણવા મળતી નથી. પહેલી નોકરીમાં હશે તે દરમ્યાન તેમણે કાવ્યલેખન ચાલુ રાખ્યું હશે. ૧૮૮૯માં યોજાયેલી એક કાવ્યસ્પર્ધામાં પોતે "રહેનેમી રાજુલ" ની જૈનકથા ઉપરથી "પ્રેમીને પત્ર" એ ૯૦૦ લીટીનું લાંબું કાવ્ય લખેલું તે મોકલ્યું હતું.૮

નાટક અને રંગભૂમિના ક્ષેત્રમાં તેમનો પ્રવેશ કંઇક નાટયાત્મક રીતે થયો હતો. ૧૮૮૮માં અમદાવાદમાં વણિક વીરચંદ ગોકળદાસ ભગત નાગોરીશાળાની પડાળીમાં ભોજકોની પાસે "સંગીત લીલાવતી" નાટક ભજવાવતા હતા. તે નાટક કેશવલાલ શિવરામ અધ્યાપકે લખેલું હતું. ડાહ્યાભાઇને એ નાટક બહુ ગમતું. તેનાં

---

૭ તા. ૧૯ માર્ચ ૧૯૬૭ના રોજ અમદાવાદના ટાઉનહોલમાં તેમણે કરેલ પ્રવચનમાંથી.

૮ જુઓ "કાયા લાકડાની માયા લૂગડાંની", પૃ. ૧૦૩.

ગાયનોનું તેમને જબરું આકર્ષણ હતું. ડાહ્યાભાઈએ એનો ખેલ પંદરથી વીસ વાર જોયો હતો, એમ કહેવાય છે. વારંવાર જવાને કારણે કેશવલાલ સાથે તેમને ઓળખાણ થઈ. એકવાર ડાહ્યાભાઈએ નાટક જોતા હતા. પોતાના પ્રિય ગાયનનો તેમણે વન્સમોર માગ્યો. ત્રણવાર વન્સમોરની માગણી પૂરી થઈ. પણ રસિક પ્રેક્ષકે તો માગણી ચાલુ રાખી. એટલે ~~કંપનીએ~~ કંટાળીને રંગમંચ પરના કલાકારે તેમને કટાક્ષમાં કહ્યું, " એકવાર નાટક કંપની કાઢી જુઓ તો ખબર પડે કે વન્સમોર કેમ અપાય છે." ડાહ્યાભાઈને આ પડકાર ઝીલી લેવાનું અંદરથી મન થયું હશે.

૧૮૮૯ના અંત - ભાગમાં વીરચંદ ગોકળદાસ ભગતની કંપની ભાંગી. કેશવલાલે દેશી નાટક સમાજ નામ આપીને એ કંપની ચાલુ રાખી. ડાહ્યાભાઈને આ વખતે કેશવલાલ સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. ડાહ્યાભાઈ કેશવલાલની સાથે ભાગીદાર બન્યા. દેશી નાટક સમાજમાં સૌ પ્રથમ કેશવલાલ અધ્યાપકનું નાટક "સંગીત લીલાવતી" "પવિત્ર લીલાવતી" ના નામથી પદ્યને બદલે છટાદાર ગદ્ય સંવાદોમાં ઊતરીને રજૂ થયું. "દેશી નાટક સમાજ" એ મથાળું સૂચક છે. "દેશી" એટલે ગુજરાત દેશનું એવો અર્થ એમાં ગર્ભિત હતો. એ

-------------------------------------------

વખતે દરેક પ્રાન્ત પોતાને દેશ તરીકે ઓળખાવતો. એમાં "ગુજરાતી" નો સ્પર્શ છે. મુંબઇમાં મુંબઇ ગુજરાતી નાટક કંપની સ્થપાઇ તે જ વર્ષમાં અમદાવાદ ખાતે દેશી નાટક સમાજ સ્થપાઇ એ હકીકત પણ નોંધપાત્ર છે.

મિશન હાઇસ્કૂલની નોકરી ડાહ્યાભાઇએ ક્યારે છોડી તેની ચોક્કસ વિગતો મળતી નથી. પણ દેશી નાટક સમાજના સંપૂર્ણ માલિક ૧૮૯૧-૯૨ માં બન્યા પછી તેમણે શિક્ષકગીરીને તિલાંજલિ આપી હશે એવું અનુમાન કરી શકાય.[૯] ૧૮૮૯ના સપ્ટેમ્બરમાં તેમણે "શાકુન્તલ" નાટકના પહેલા ચાર અંકનો અનુવાદ કર્યો.

૧૮૯૨-૯૩ની આસપાસમાં "વીર વિક્રમાદિત્ય"[૧૦] તથા "સુભદ્રાહરણ" લખાયાં હતાં. "કેસરકિશોર" અને "ભગતરાજ" જેવાં નાટકો પણ આ અરસામાં લખાઇ ચૂકયાં હતાં. "ભોજરાજ" અને "સુભદ્રાહરણ" નાટકોનાં ગાયનોની ચોપડીઓ છપાઇ હતી. પણ તેના ઉપર ડાહ્યાભાઇનું નામ છપાયું નહોતું. તેમને પ્રસિદ્ધિનો મોહ નહોતો એ કદાચ ખરું હશે. પણ નાટકના ધંધા સાથે જોડાવાથી સામાજિક પ્રતિષ્ઠા જોખમાવાનો ભય પણ આ ઊગતા જુવાનને એ વખતે નહીં હોય એમ કહી શકાય નહીં.

---

૯ "૧૮૯૫ પછીના એમના નાટકનાં ગાયનની ચોપડી પર એક વાત જ સ્પષ્ટ હોય છે: રચનાર ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી તે મિશન સ્કૂલના માજી સંસ્કૃત શિક્ષક." શ્રી. જયંતિ દલાલ: "કાયા લાકડાની માયા લુગડાની", પૃષ્ઠ. ૧૦૨.

૧૦ જુઓ "ડાહ્યાભાઇનાં નાટકો", મણકો. ૩, પૃ. ૪૯૬.

પરંતુ નાટકના પડદા પાછળ ચાલતું એમનું કોયલકર્મ લાંબો વખત છૂપું રહી શકે તેમ નહોતું. કવિતા અને સંગીત પ્રત્યે તેમને અઢળક પ્રેમ હતો. નાટક તરફ એ ખેંચાયા એનું એક સબળ કારણ સંગીત હતું એ આપણે જોયું.

ડાહ્યાભાઇ પ્રકૃતિથી કળાકાર હતા. કેશવલાલ શિવરામ જેવા સમાનધર્માના સંસર્ગે તેમના કળાપ્રેમને સક્રિય બનાવ્યો. એ વખતમાં નાટક અને નાટકશાળા નવાં નવાં શરૂ થયેલાં. તેનું આકર્ષણ સતત રહે તેવા સંજોગો ઉપસ્થિત થયા. ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભવાઇ અને રામલીલાના પ્રયોગો ચાલતા હતા. માણભટ્ટોનાં આખ્યાનો પણ ચાલતાં, જેનાથી ઉપદેશ અને મનોરંજન કેક નાટ્ય ને સંગીતનાં તત્ત્વો-વાળી અભિવ્યકિતથી મળતાં. રામભાઉ જેવાની દક્ષિણી નાટક મંડળીઓ ક્વચિત્ આવીને પૈસા કમાઇને ચાલી જતી, મુંબઇની દાદા-ભાઇ ઠૂંઠીની મંડળી ભાવનગરના મહારાજાના દરબારમાં ખેલ કરી જતી. ઉપરાંત વિક્ટોરિયા નાટક મંડળી અને વાઘજી આશારામની મોરબી આર્યસુબોધ નાટકમંડળીએ પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં નાટ્યરસિક વર્ગ ઊભો કર્યો હતો.

ડાહ્યાભાઇના જમાનામાં એ રીતે નાટક અને રંગભૂમિની બોલબાલા હતી. ૧૮૯૦ સુધીમાં લગભગ ચારસો જેટલાં નાટકો લખાઇ ચૂકયાં હતાં, એવી એક સ્થૂળ ગણતરી છે. ૧૮૮૩ માં ગણપતરામ રાજારામ ભટ્ટ કૃત "પ્રતાપ" નાટક પ્રગટ થયું હતું. તેની પ્રસ્તાવનામાં લેખક કહે છે, " મને લાગે છે કે આ વિષય સારો છે તે નાટક ધ્વારા

કાંઇક કરી શકીશ તેવી લાગણીથી લખું છું". ડાહ્યાભાઇનો ઉત્સાહ અને અભિનિવેશ જોતાં તેમને પણ કંઇક આવી લાગણી થઇ હશે એમ અનુમાન કરીએ તો વાંધો નથી.

નાટક અઘરો સાહિત્યપ્રકાર હોવા છતાં તે લખવું સહેલું છે એવો ભાસ ઘણા લેખકોના મનમાં એ જમાનામાં ભજવાતાં નાટકોએ ઊભો કર્યો હોય એમ લાગે છે. "કરણઘેલો" નવલકથા ૧૮૬૬માં પ્રગટ થઇ હતી.[૧૧] પણ તેનું ખાસ આકર્ષણ ઉપજ્યું નહોતું. નવલિકા આવવાને વાર હતી. કવિતામાં લાલિત્ય ઓછું ને ઉપદેશ વધારે એવી સ્થિતિ હતી. આ સંજોગોમાં કશુંક સાહિત્ય રચવાની ઇચ્છાવાળો નાટક તરફ વળે એવી શકયતા હતી.[૧૨]

ડાહ્યાભાઇ નાટક અને રંગભૂમિ તરફ વળ્યા તેની પાછળ અનેક કારણો અને સંજોગો ઓછેવત્તે અંશે જવાબદાર હતાં. યોગ્ય વ્યકિતને યોગ્ય વ્યવસાય મળી ગયો હતો એમ એમનું કાર્ય અને તેની પાછળ દર્શાવેલી ત્યાગભરી નિષ્ઠા જોતાં કહી શકાય. નાટકના વ્યવસાયમાં ડાહ્યાભાઇને પોતાનું જીવનકાર્ય (mission) જાણે કે મળી ગયું. નાટક લખવાં, ગાયનોની તરજો બેસાડવી, નટોને તાલીમ આપવી અને નાટક કંપનીનો વહીવટ ચલાવવો એ બધું કરવામાં તેમને અનન્ય આનંદ મળતો.

---

૧૧ "પારસી તખ્તાની તવારીખ" (લે. ધનજીભાઇ ન. પટેલ, ૧૯૩૧) પૃ. ૧૧ ઉપર તેને વિશે નીચે મુજબ ઉલ્લેખ છે:
"કુંવરજી નાઝરે સ્ટેજ કરેલો પહેલ્લો ગુજરાતી ખેલ કરણઘેલો કે કાબરાજીએ શરૂ કરેલ નાટક ઉત્તેજક કંપનીએ હિંદુ ખેલ "ગુજરાતનો છેલ્લો રાજા કરણઘેલો" નાટકરૂપે લખાવી સ્ટેજ કર્યો. આ માટે કેટલીક હિંદુ ધાર્મિક રસમો દેખાડવા તે પારસી એકટરોને શીખવવા, ખાસ હિંદુ બ્રાહ્મણોને રોકવામાં આવતા હતા. આ ખેલે ગુજરાતી આલમનું સારું ધ્યાન ખેંચ્યું હતું. ખેલમાં સઘળા ખેલાડી પારસી હતા. કરણ રાજા મરહુમ ફરામજી અપુ, રૂપસુંદરી મરહુમ કાવસજી માણેકજી કન્ટ્રાકટરે ભજવ્યું હતું."

૧૨ નાટયલેખનમાં અનધિકારચેષ્ટા ઘણી થતી તેનો દાખલો નવલરામે "દુષ્ટભાર્યાદર્શક"નાટકના લેખકને આ અરસામાં જ "નાટક ફાટક લખવાનું ચેટક મૂકી દેવાની" શીખામણ આપી હતી તે છે. (જુઓ "નવલગ્રંથાવલી", તારણ, પૃ. ૪૨)

નાટકનો લેખક અને દિગ્દર્શક માધ્યમિક શાળાના શિક્ષકનું પણ કામ કરતો હોય એવો દાખલો મોરબી નાટક કંપનીના માલિક વાઘજી આશારામ ઓઝા[13] અને ડાહ્યાભાઇના સિવાય બીજો કોઇ કદાચ ગુજરાતી નાટકના ઇતિહાસમાં કદાચ નહિ મળે. મિશન હાઇસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક તરીકેનું કાર્ય ચાલુ હતુ. આ સમય દરમ્યાન સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી નાટકો અને નાટ્યશૈલીઓનો અભ્યાસ કરવાની તેમને અનુકૂળતા મળી હશે એમ ૧૮૯૫ પછીનાં તેમનાં નાટકોનું અવલોકન કરતાં સમજાય છે. પરંતુ ૧૮૯૨ થી ૧૮૯૫ નો ગાળો ડાહ્યાભાઇને માટે કસોટીનો કાળ હતો. તેમને માથે આ સમયગાળામાં ઉપરાઉપરી આફતો ઉતરી. એ જમાનામાં નાટકો માંડવા બાંધીને ભજવાતાં. પાકાં થિયેટર હજુ બંધાયાં ન હતાં. તાડછાં બાંધીને ઉભા કરેલા માંડવામાં નાટક કંપનીનો બધો સર-સામાન રહેતો ને નટ-દિગ્દર્શક સૌ ભેગાં રહેતાં પણ તેમજ. ડાહ્યાભાઇએ આ અરસામાં નાટકો પણ માંડવામાં જ રહીને લખેલાં ને

---

૧૩ ડાહ્યાભાઇ કૃત "પ્રેમીને પત્ર" કાવ્ય વાઘજી આશારામે વાંચેલું તેથી ડાહ્યાભાઇ વાઘજી આશારામને મળવા ગયા. ત્યાં વાઘજીએ પોતાના ભાઇ મૂળજી આશારામને તેમને માટે ભલામણ કરતાં કહેલું કે "આ જુવાનડાને તું રાખી લે તે ઘણો હોંશિયાર માણસ છે" પણ મૂળજીએ આ બાબતનો જોઇએ તેવો જવાબ આપ્યો નહીં. તે પછી ડાહ્યાભાઇ કેશવલાલ શિવરામ અધ્યાપકની કંપનીમાં ભાગીદાર થયા.
(શ્રી. લાલજીભાઇ નંદાભાઇ દેસાઇની તા. ૨૪-૯-૭૦ના રોજ લીધેલી મુલાકાતને આધારે)

એને અંગે તેમણે દરેક નાટકમાં કરેલી "રા. બ. મગનભાઇની વાડી" જેવા સ્થળના નિર્દેશ સહિત કરેલી નોંધ[૧૪] પરથી સમજાય છે. ૧૮૯૨માં એક વાર આ રીતે બાંધેલા માંડવાને આગ લાગી. તેમાં શેઠશાહુકારને ત્યાંથી માગી આણેલાં કીંમતી વસ્ત્રો સહિત તમામ સામગ્રી બળીને ભસ્મ થઇ ગઇ. એક નટ પણ બળી ગયો.[૧૫] ડાહ્યાભાઇની સ્થિતિ નાદાર જેવી થઇ ગઇ. પત્નીના દાગીના વેચીને પણ કંપનીને તેમણે ટકાવી રાખી. કમાવાના ઇરાદે કંપનીને લઇને ભાવનગર ગયા, પણ ત્યાં નાટક ચાલ્યું નહીં. એટલું જ નહીં દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ થઇ. હાર્મોનિયમ-તબલાં પણ વેચવાં પડયાં ને કોઇકે દયા-ભાવે બેત્રણ રૂપિયા આપ્યા ત્યારે પોતે અમદાવાદ ભેગા થયા.[૧૬]

પણ જેમ વિપત્તિ પડતી ગઇ તેમ તેમ ડાહ્યાભાઇની હિંમત વધુ ને વધુ દ્દઢ થતી ગઇ. અમદાવાદ આવીને કંપનીને પુનઃ સંગઠિત કરવા એ કટિબધ્ધ થયા. એટલામાં તેમને ભારે માનસિક આઘાત આપે તેવો કુટુંબકલેશ થયો. પિતાને દીકરાના "નાટકિયાવેડા" ગમ્યા નહીં. નાટકના ધંધામાં ઝવેરીનો દીકરો પડે એ ઓછી નામોશી ન ગણાય એમ પિતાને લાગ્યું. "નાટકિયા" નો ધંધો છોડી દેવાની

---

૧૪ જુઓ " ભગતરાજ " નાટકને વિશે કરેલી નોંધ.
"ડાહ્યાભાઇનાં નાટકો", મણકોઃ ૨, પૃ. ૩૨૩.

૧૫ જુઓ "કુમાર", માર્ચ, ૧૯૬૭, પૃ. ૯૨ અને "કાયા લાકડાની માયા લુગડાની", પૃ. ૧૦૬.

૧૬ જુઓ "કુમાર", માર્ચ, ૧૯૬૭ પૃ. ૯૨ અને "કાયા લાકડાની માયા લુગડાની" પૃ. ૧૦૬.

પિતાએ આજ્ઞા આપી. ડાહ્યાભાઇને માટે તો નાટકનો વ્યવસાય જીવનનું ધ્યેય બની ગયેલ. તેમણે પિતાની ઇચ્છાને માન આપ્યું નહીં. અપર માની ભંભેરણીથી પિતા ગુસ્સે તો હતાજ. તેમાં પુત્રની નાફરમાનીએ બળતામાં ઘી હોમ્યું ! ડાહ્યાભાઇએ સ્વેચ્છાએ પિતાની મિલ્કત પરથી પોતાનો હક ઉઠાવી લીધો. વારસામાંથી ફારગતી લખી આપીને તેમણે ઘર છોડ્યું. તેમને સરસ્વતીચંદ્ર જેવું થયું. સ્વમાની ડાહ્યાભાઇએ પિતાની અટક "ઝવેરી" ત્યજીને "દલાલ" અટક ધારણ કરી. [17] ત્યારથી એ "ડાહ્યાભાઇ ડી.

---

૧૭ "કુમાર", માર્ચ, ૧૯૬૭. પૃ. ૯૨. ડાહ્યાભાઇના પિતા વિશે એક પ્રસંગ ડાહ્યાભાઇના સમકાલીન અને તેમની નાટક કંપનીમાં વર્ષો સુધી નટ તરીકે કામ કરનાર શ્રી. લાલજીભાઇ નંદાભાઇ દેસાઇએ એક મુલાકાતમાં નીચે મુજબ કહેલ તે નોંધપાત્ર છે:

"ડાહ્યાભાઇ નીચે ઓટલા પર દાતણ કરતાં બેસતા. એક દિવસ શરીરે ઠીક એવો એક ભિખારી એમની પાસે આવ્યો. તેને એક પૈસો તેમણે આપ્યો.....જે ભિખારીને પૈસો આપ્યો હતો તે લુચ્ચો, બદમાશ અને નાલાયક હતો. ધોળશાજીએ ઉપરની બારીમાંથી ડાહ્યાભાઇને પૈસો આપતા જોયા. એટલે પિતાએ પુત્રને કહ્યું, "બેટા, ચપટી લોટ આપવો કે અનાજ આપવું, પણ પૈસો કોઇ ભિખારીને આપવો નહીં. દેખાવ પરથી આ ભિખારી લુચ્ચો ને બદમાશ લાગે છે." આ વાતને બીજે જ દિવસે પાછો પેલો ભિખારી આવ્યો ત્યારે તેણે પૈસો માંગતાં ડાહ્યાભાઇએ તેને શીખામણ આપી, "ઇશ્વરે તને શરીર આપ્યું છે, તંદુરસ્તી આપી છે તો તેનો સદુપયોગ કર." પછી પેલો ભિખારી જરા વધુ પડતું બોલ્યો એટલે પછી ડાહ્યાભાઇ અને ભિખારી બથ્થંબથ્થા આવી ગયા. નીચે જનાર માણસોએ ધોળશાજીને ઉપર બારી ઉપર ઊભેલા જોઇને કહ્યું, "આ બંનેને છૂટા તો પાડો, શું જોઇ રહયા છો?" એટલે ધોળશાજીએ જવાબ આપ્યો, "એમાં ડાહયો કોણ અને ભિખારી કોણ એ ક્યાં સમજાય છે?" આ સાંભળીને ડાહ્યાભાઇ ઘરમાં પેસી ગયા. ધોળશાજીએ ડાહ્યાભાઇને કહ્યું, "હવે તો ખાતરી થઇને, બેટા, કે એ લુચ્ચો માણસ છે ?" (શ્રી. લાલજીભાઇ નંદાભાઇની તા. ૨૪-૯-૭૦ના રોજ લીધેલી મુલાકાતને આધારે)

આ બનાવ ડાહ્યાભાઇના ગૃહત્યાગ પહેલાં બનેલો હશે.

દલાલ" એમ સહી કરવા લાગ્યા. વળી "નવીન" ઉપનામ રાખવા પાછળ પણ પોતે સરસ્વતીચંદ્રના જેવો ગૃહત્યાગ કર્યાની ખુમારી દેખાય છે.

જુદાં ઘરબાર લઇને રહેતા ડાહ્યાભાઇનું સ્વત્વ ને આંતરસત્ત્વ હવે જ ખરેખરું ખીલ્યું. નાટકને નાટકશાળા ને સમાજના ઉત્કર્ષ તેમજ રંજન માટે ઉત્તમમાં ઉત્તમ રીતે કેમ ઉપયોગમાં લઇ શકાય તેનો તેઓ દિનરાત વિચાર કરવા લાગ્યા. નાટકની પ્રવૃત્તિ ઉચ્ચ કોટીની સંસ્કારપ્રવૃત્તિ છે અને તેમાં સમાજના શિક્ષિત વર્ગનો સક્રિય સાથ છે. એ બતાવવા ઉચ્ચ કોટીના સાક્ષરોનો તેમાં સાથ મેળવવા તેમણે પ્રયત્ન કર્યો હતો. હવે તો નાટકનાં ગાયનોની ચોપડી ઉપર પોતાનું નામ છપાવા ઉપરાંત, સાથે "મિશન હાઇસ્કૂલના માજી સંસ્કૃત ટીચર" એવો હોદ્દો બાંધીને નાટકના ધંધાને તેઓ ગૌરવ આપે છે!

આ પ્રવૃત્તિ હજુ જંગમ સ્વરૂપની જ રહી હતી. તેને સ્થાયી બનાવીને લોકસમાજમાં તેનાં મૂળ ઊંડાં નાખવાં હોય તો તેને માટે પાકું થિયેટર બંધાવું જોઇએ. આવું થિયેટર હોય તો નાટક ભજવવામાં સરળતા રહે, નવાં સાધનો ઉપયોગમાં લઇ શકાય, નાટ્યકળાનું ધોરણ પણ સુધરે ને મૂડીનું રોકાણ કરનારને ભાડું મળે. આ વિચાર ડાહ્યાભાઇએ અમદાવાદના અગ્રણી શ્રીમંત શેઠ ચીમનલાલ નગીનદાસને સમજાવ્યો. ચીમનલાલ શેઠની સહાયથી ઇ.સ. ૧૮૯૩-૯૪ માં હાલ જ્યાં નોવેલ્ટી સિનેમા છે ત્યાં આનંદભુવન થિયેટર બાંધવામાં આવ્યું.[૧૮] અમદાવાદમાં આ પહેલું થિયેટર હતું એ દ્રષ્ટિએ ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં આ ઘટના ચિરસ્મરણીય રહેશે અને

---

૧૮ શ્રી. જયંતિ દલાલ : કાયા લાકડાની માયા લુગડાની", પૃ. ૧૦૬.

તેની સાથે ડાહ્યાભાઇ અને ચીમનલાલ નગીનદાસ શેઠનાં યશસ્વી નામો કાયમ જોડાયેલાં રહેશે.

કવિ દલપતરામે જેમ વડોદરાના મહારાજા ખંડેરાવ સમક્ષ ગુજરાતી વાણીના વકીલ થઇને તેના ઉત્કર્ષ માટે સહાયની માગણી કરી હતી તેમ ડાહ્યાભાઇએ મહારાજા સયાજીરાવ સમક્ષ ગુજરાતી નાટક અને રંગભૂમિને માટે રાજ્યાશ્રય માગ્યો જે તેમને વિપત્તિમાં આશ્વાસનરૂપે નીવડયો, એટલું જ નહીં તેનાથી આગળ વધવામાં પ્રોત્સાહન પણ મળ્યું.

૧૮૯૫નું વર્ષ ડાહ્યાભાઇના જીવનનું મહત્ત્વનું વળાંકબિન્દુ બતાવે છે. તેમનું જીવનકાર્ય પણ આ વર્ષથી મહત્ત્વનો પલટો લે છે. આ વર્ષમાં તેમને ઘેલાભાઇ દલાલનો (શ્રી. જયંતિ દલાલના પિતા) મેળાપ થયો. ઘેલાભાઇ રહેતા તે અમદાવાદની વાઘણપોળમાં ચાલતી ધાર્મિક પાઠશાળામાં ડાહ્યાભાઇ સંસ્કૃત શીખવવા માટે જતા. ત્યાં બંને મળ્યા. ડાહ્યાભાઇને ઘેલાભાઇના મોતીના દાણા જેવા અક્ષર ગમી ગયા. એટલે તેમની પાસે તે પોતાનાં નાટકોની નકલ કરાવતા. ઘેલાભાઇને પણ તેમના સંસર્ગથી નાટકની લગની લાગી. તેની લહેમાં એ મેટ્રિકની પરીક્ષા પાસ કરી શકયા નહીં. ડાહ્યાભાઇ સાથે બંનેનો નિઃસ્વાર્થ ભૂમિકા પર ગાઢ સંબંધ બંધાયો, તે ડાહ્યાભાઇના મૃત્યુ પર્યંત એકધારો ટકયો હતો. ઘેલાભાઇના સંબંધથી ડાહ્યાભાઇને નાટક કંપનીના વહીવટ વગેરેમાં ઘણી સહાય ને રાહત મળી.

વડોદરાના મહારાજાનો આશ્રય મળતાં તે નાટક કંપનીને આ વર્ષમાં જ વડોદરા લઇ ગયા. તેમણે આ અરસામાં "અશ્રુમતી" અને

"મ્યુનિસિપલ ઇલેકશન" એ નાટકો લખ્યાં હતાં. આ બે નાટકોની રચનામાં સ્વતંત્ર વિચારક ને મૌલિક સર્જક તરીકે ડાહ્યાભાઇ શક્તિ બતાવે છે. "અશ્રુમતી" માં રાણા પ્રતાપની પુત્રી અશ્રુમતીને અકબરના શાહજાદા સલીમના પ્રેમમાં પડતી બતાવી હતી. તે સામે અમદાવાદ-વડોદરામાં સખ્ત વિરોધ થતાં એ નાટક ચાલ્યું નહીં. એવુંજ "મ્યુનિસિપલ ઇલેકશન" નાટકનું થયું. તેમાં મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ચાલતી ગેરરીતિઓ પર કટાક્ષ હતો. એનાથી પણ અમદાવાદના પ્રેક્ષકો નારાજ થયા. પરિણામે ડાહ્યાભાઇને આનંદ-ભુવન થિયેટર છોડવું પડયું. પછી, ઉપર જોયું તેમ, વડોદરામાં પણ એ જ દશા થઇ. ત્યાંથી સૂરત ગયા, ત્યાં પણ ફાવ્યા નહીં. પણ ડાહ્યાભાઇ હિંમત હાર્યા નહીં. સૂરતના એક મિત્ર માણેકલાલ ગોળવાળાની સૂચના અને સહાયથી[૧૭] તે ૧૮૯૬ના મે માસની આખરે કંપનીને લઇને મુંબઇ ગયા. આ વખતે મુંબઇમાં ગુજરાતી નાટક કંપની-ઓમાં મુંબઇ ગુજરાતી નાટક કંપની મુખ્ય હતી. તે ગેઇટી થિયેટરમાં પોતાનાં નાટકો ભજવતી. ડાહ્યાભાઇએ તેમની પાસેથી મંગળ, ગુરુ, શુક્ર અને રવિવારની રાતે ખેલ ભજવવા માટે થિયેટર ભાડે લીધું. "અશ્રુમતી" નાટકમાં જરૂરી ફેરફાર કરીને ડાહ્યાભાઇએ એ નાટક ત્યાં રજૂ કર્યું.

"અશ્રુમતી" ને મુંબઇમાં અસાધારણ સફળતા મળી. એ નાટકમાં પ્રેક્ષકોને આકર્ષવા માટે બે હાથમાં તલવારો લઇને ભાઇલાલ અને

---

૧૭ "કુમાર", માર્ચ, ૧૯૬૭, પૃ. ૯૩.

માણેકલાલ નામના બે ભાઇઓને પટાબાજી ખેલતા બતાવ્યા હતા. તેના અને નર્મદાશંકર નારાયણના અભિનય ઉપર મુંબઇ એટલું ગાંડું થયું કે ડાહ્યાભાઇને સતત એ જ નાટક મુંબઇમાં ભજવવું પડયું. એક જ નાટકે કંપનીને તારી દીધી. ડાહ્યાભાઇને તેનાથી ધન મળ્યું, પણ તેનાથી વિશેષ પ્રતિષ્ઠા પણ મળી. પેટાભાડૂત તરીકે રહીને નાટક ભજવનારને અણધારી સફળતા મળી તે બીજા સહવ્યવસાયીઓની અદેખાઇનો વિષય બન્યો. ડાહ્યાભાઇ ઉપર હુમલો થયો. તેમને પાનમાં ઝેર આપવાની વાત વહેતી થઇ. તેમાં કેટલું તથ્ય હશે તે જાણવાનું કોઇ ચોક્કસ પ્રમાણ મળતું નથી. કદાચ પ્રેક્ષકોની સહાનુભૂતિ જીતવા માટે આ પ્રસંગ જોડી કાઢ્યો હોય એવી પણ કેટલાક શંકા કરે છે.[૧૯] તે સત્ય હો યા ન હો, ડાહ્યાભાઇ એ વખતે જાનહાનિમાંથી ઊગરી ગયા હતા, અને તેમના વફાદાર મિત્ર ઘેલાભાઇ તેમની પડખે હતા એ વાત ચોક્કસ છે.

પછી ડાહ્યાભાઇએ મુંબઇમાં પોતાનાં નાટકો સારી રીતે ભજવી શકાય તે માટે પોતાનું સ્વતંત્ર "ઝવેરી થિયેટર" હાલના એમ્પાયર થિયેટરની જગ્યાએ બંધાવ્યું[૨૦] એ જ અરસામાં અમદાવાદમાં

---

૧૯ "કાયા લાકડાની માયા લુગડાની", પૃ. ૧૦૮ અને "કુમાર", માર્ચ, ૧૯૬૭, પૃ. ૯૩.

આ પ્રકારના 'સ્ટંટ' ચલચિત્ર ઉતારનારા પણ કરે છે અમુક ફિલ્મ ઉતારતી વખતે અમુક નટને વાગ્યું, અમુક દાઝયા વગેરે વાતો પ્રેક્ષકોની સહાનુભૂતિ જીતવા માટે વહેતી કરવામાં આવે છે. ~~આ હકીકતને બીજા કોઇ પાસેથી સમર્થન મળતું નથી.~~

૨૦ શ્રી. લાલજીભાઇ નંદાભાઇનું કહેવું છે કે ડાહ્યાભાઇએ એ થિયેટર માટે જગા ખરીદીને પાયો ખોદાવ્યો તે વખતે તેમની પાઘડી પાયામાં ગઇ એટલે અપશુકન થયા માનીને જમીન વેચી દીધી. આ હકીકતને બીજા કોઈ પાસેથી સમર્થન મળતું નથી.

લલ્લુભાઇ રાયજીનો સાથ મળતાં ધીકાંટા સામે બ્રહ્મચારીની વાડીમાં શાંતિનાથ મહાદેવની પાસે, હાલ અશોક સિનેમા છે તે જ જગાએ તેમણે શાંતિભુવન થિયેટર બંધાવ્યું. તેનું ઉદ્ઘાટન "ઉમાદેવડી"નાટકના પ્રયોગથી થયું. આ નાટકમાં સાચા વરસાદનું દૃશ્ય ઊભું કરવામાં આવ્યું હતું. તે એક નવું જ આકર્ષણ હતું.

અઠ્ઠાવીસ ત્રીસ વર્ષના તરુણ ડાહ્યાભાઇની કીર્તિનો મધ્યાહ્ન હવે શરૂ થાય છે. વિપત્તિઓના વિકટ વનમાંથી ધૈર્ય ને હિંમત દાખવીને પસાર થઇ ગયા પછી કીર્તિ ને સમૃધ્ધિનાં સોપાનો ચડવાનું તેમણે ૧૮૯૬ થી શરૂ કર્યું. તે પછીનાં જિંદગીનાં છયે વર્ષ તેમની એકધારી ઉન્નતિનાં વર્ષો હતાં. દુઃખમાં હિંમત નહીં હારવાની સાથે સુખસમયમાં છકી નહીં જવાની તેમની નીતિ છેક લગી રહી હતી. જીવનની ~~નિશ્ચરતા~~ નશ્વરતા, અને લક્ષ્મીની ચંચળતાનું તેમને સતત ભાન રહયા કર્યું હતું. એના સૂચક ઉદ્ગારો તેમનાં "અશ્રુમતી", "વીણાવેલી", "ઉમાદેવડી", "તારાસુંદરી" વગેરે નાટકોમાં તેમણે સચોટ રીતે મૂકેલા છે.

આ છ વર્ષમાં તેમણે એક એકથી ચડિયાતાં નાટકો આપ્યાં હતાં. "રામરાજ્યવિયોગ" અને "સરદારબા", "ભોજકુમાર" અને "તરુણભોજ", "ઉમાદેવડી" અને "વીણાવેલી", "વિજયાવિજય" અને "ઉદયભાણ", "સતીપાર્વતી" અને "મોહિનીચંદ્ર" વગેરે નાટકો આ છ વર્ષમાં મુંબઇ ને અમદાવાદમાં લખાયાં ને ભજવાયાં હતાં. "સરદારબા" અને "વીણાવેલી" એ તો સૌ કરતાં વિશેષ ચાહના મેળવી હતી.

નાટકને સમાજના ઉત્કર્ષના સાધન તરીકે પોતે અપનાવ્યાનું

ડાહ્યાભાઇએ વારંવાર કહ્યું હતું. તેમની દ્રષ્ટિ, અઢળક આવક છતાં, લોકકલ્યાણ પર જ કેન્દ્રિત હતી તેની પ્રતીતિ તેમણે છપ્પનિયા દુકાળ વખતે દાખવેલી દેશભક્તિ અને ઉદારતાએ કરાવી હતી. ઇ. સ. ૧૯૦૦માં દેશમાં ભયંકર દુકાળ પડયો. ને પ્લેગની બીમારી ચારે કોર ફાટી નીકળી એ વખતે ડાહ્યાભાઇ પોતાની દેશબાંધવો પ્રત્યેની ફરજ ચૂક્યા નહીં. તેમણે પોતાનાં લોકપ્રિય નાટકોના ખેલ ભજવીને રાહત ફંડ એકઠું કરવા માંડયું. દરેક વખતે મહાદેવ ગોવિંદ રાનડે, લોકમાન્ય ટિળક, ફિરોજશા મહેતા, બદ્રુદીન તૈયબજી, ચિમનલાલ સેતલવડ, વીરચંદ દીપચંદ વગેરે દેશનાયકોમાંથી કોઇ ને કોઇને પ્રમુખસ્થાને સ્થાપીને તેમણે નાટયપ્રયોગોમાંથી લાખેક રૂપિયા એકઠા કર્યા[૨૧] તે બધી રકમ તેમણે

---

૨૧ "કુમાર" માર્ચ ૧૯૬૭, પૃ. ૯૩. ડાહ્યાભાઇની નાટક કંપનીમાં વર્ષો સુધી કામ કરનાર બુઝુર્ગ નટ શ્રી. લાલજીભાઇ નંદાભાઇ દેસાઇ તા. ૨૩-૯-૭૦ ના રોજ આપેલી મુલાકાતમાં જણાવે છે કે "તેમણે છપ્પનિયામાં મુંબઈમાં ખેલો નાખીને સવા લાખ રૂપિયા ધર્માદા કર્યાં હતા. એમાં કોઇ નફો લેતા નહીં. તે વખતના ડાહ્યાભાઇનાં ભાષણો હૃદયસ્પર્શી હતાં. ડાહ્યાભાઇ ભાષણ કરતા ત્યારે પબ્લીક રડતી. મુંબઇમાં "વીણાવેલી" ખેલ જોવા મુંબઇના ગવર્નર આ છપ્પનિયા વખતે આવ્યા હતા. તે વખતે ડાહ્યાભાઇએ અંગ્રેજીમાં ભાષણ કર્યું. પાછું તેનું ગુજરાતી કરીને સમજાવ્યું. ગવર્નરે તેમને ચાંદ આપ્યો હતો. ગાયકવાઢ સરકારે તેમને પંદર હજાર રૂપિયા આપ્યા હતા. ગાયકવાડ સરકારે જિંદગીમાં બે જ ગુજરાતી નાટક બે વખત જોયાં હતાં. એક "સરસ્વતીચંદ્ર" અને બીજું "વીણાવેલી". ગાયકવાડ સરકાર નાટક જોવા જાય ત્યારે બીજી કંપનીઓને ૧૫૦૦ રૂ. આપતા. વીણાવેલી વખતે રૂ. પંદર હજાર આપ્યા હતા."

ઉદાર ભાવે મહામારીના રાહતકાર્યમાં અર્પણ કરી હતી. જે જમાનામાં ઉન્નતભ્રૂ (high brow) શિક્ષિત ને સંસ્કારી સમાજને ભવાઇ અને રામલીલાની હરોળમાં બેઠેલું લાગતું ગુજરાતી નાટક હલકી કોટીના રંજનનું સાધન લાગતું હતું, તે વખતે ડાહ્યાભાઇએ શિક્ષિતોને તેમાં સક્રિય સાથ આપતા કરીને અને દેશહિતકાર્યમાં નાટ્યપ્રવૃત્તિનો ઉત્તમ ઉપયોગ કરીને તેની સામાજિક ઉપયોગિતા સિધ્ધ કરી આપી. સાથે સાથે કલાનું ધોરણ ઊંચું લઇ જવા માટે પણ તે ઘણું મથ્યા હતા. એ જમાનામાં નાટક મંડળીનો માલિક પોતે જ નટોને તાલીમ આપીને નાટક તૈયાર કરાવતો. ડાહ્યાભાઇ તો લેખક પણ હતા. ઘેલાભાઇ તેમને આ કાર્યમાં મદદ કરતા. "વિજયાવિજય" (૧૯૦૦) અને "ઉદયભાણ" (૧૯૦૧) રજૂ કર્યાં બાદ "મોહિનીચંદ્ર (૧૯૦૨) ની તૈયારી ચાલતી હતી, "લાક્ષાગૃહ" નાટક લખાઇ રહ્યું હતું.

ત્રીજી વારનાં લગ્ન કર્યે એકાદ વર્ષ જ થયું હતું ત્યાં ૧૯૦૨ ના એપ્રિલની અધવચમાં ડાહ્યાભાઇને સાધારણ તાવ લાગુ પડયો. સાથે પીઠમાં પાઠું પડયું. ડાયાબિટીસ તો હતો જ.

તબિયત વધુ લથડી[22] અને માત્ર એક અઠવાડિયાની માંદગીમાંજ ૧૯૦૨ ના એપ્રિલની ૩૦મી તારીખે આ ઉમદા દિલના સજ્જન નાટકકારનો જીવનદીપ બુઝાઇ ગયો.[23] માત્ર પાંત્રીસેક વર્ષના ટૂંકા આયુષ્યમાં ડાહ્યાભાઇએ સ્વપુરુષાર્થથી નાટક ને રંગભૂમિને ક્ષેત્રે નવો યુગ (renaissance) પ્રવર્તાવીને ચિરંતન કીર્તિ સંપાદન કરી. ગુજરાત તેમનાથી ગૌરવવંતુ બન્યું છે.

---

૨૨ માંદગી વખતે ધોળશાજી ડાહ્યાભાઇને મળવા આવ્યા હતા એમ શ્રી. લાલજીભાઇ નંદાભાઇનું કહેવું છે: "ડાહ્યાભાઇની તબિયત બગડી. એમને પાઠું પડ્યું. આ બધી હકીકત સાંભળીને ધોળશાજી પોતે ડાહ્યાભાઇ પાસે આવ્યા. આવડા મોટા શરીરવાળા પુત્રને રોગમાં પડેલ જોઇને તે વાત્સલ્યપૂર્વક ભેટયા ને બોલ્યા, " બેટા, મારી ભૂલ થઇ. મને માફ કર". ડાહ્યાભાઇ બોલ્યા, "અરે ! પિતા, આપની ભૂલ ? આપની ભૂલ નથી. આ ધંધામાં ઘણો સરસ પૈસો મળે છે. ઘણી સરસ નામના મળે છે. પુણ્યદાન પણ સારું કરી શકાય છે. પણ આ ધંધામાં ચારિત્ર્ય સારું રહેવું મુશ્કેલ છે. અને એટલે સુધી કે પબ્લીકના માણસો અંદરના નટોને તેમજ અંદરના મોટી ઉંમરના નટો પબ્લીકને ખરાબ કરે છે." આ વાત ડાહ્યાભાઇના ભત્રીજા ચંદુભાઇએ ~~આ~~ ~~વાત~~ મને કરેલી અને આ વાત કરતાં તે રડી પડયા હતા."
(તા. ૨૪-૯-૭૦ના રોજ લીધેલી મુલાકાતને આધારે)

૨૩ "કુમાર", માર્ચ, ૧૯૬૭, પૃ. ૯૩. શ્રી. જયંતિ દલાલે ૧૯૦૨ની ૧લી મેના રાતના બે વાગ્યે અવસાન થયું એમ નોંધ્યું છે. (જુઓ "કાયા લાકડાની માયા લુગડાની", પૃ. ૧૦૯.)

અવસાન થયું તેના થોડા દિવસ પહેલાં ડાહ્યાભાઇએ વસિયતનામું કર્યું હતું અને તેમાં પોતાના મરણ પછી દેશી નાટક સમાજ ઘેલાભાઇને મળે તેવી ગોઠવણ કરી હતી પણ તે વસિયતનામું તેમના અવસાન પછી ચોરાઇ ગયું. ડાહ્યાભાઇના સાવકા ભત્રીજા ચંદુલાલ દલસુખરામ ઝવેરીએ ડાહ્યાભાઇનાં પત્ની મણીબહેન અને ઘેલાભાઇ ઉપર મિલકત અંગે દાવો કર્યો. ઘેલાભાઇએ કોર્ટમાં સાબિત કરી આપ્યું કે ડાહ્યાભાઇ ૧૮૯૩ માં ફારગતીથી પિતાથી જુદા થયા હતા. અને તેથી તેમની બધી મિલ્કત સ્વોપાર્જિત હતી. મુંબઇ હાઇકોર્ટે ઘેલાભાઇને રીસીવર નીમ્યા. દરમિયાનમાં મણિબહેને પોતે મિલકતના હકદાર હોવા છતાં નાટક કંપની સગાવહાલાંની સમજાવટથી તેમના ભત્રીજાને વેચી. આથી ઘેલાભાઇને માઠું લાગ્યું. ડાહ્યાભાઇના અવસાન પછી એક વર્ષ નાટક કંપની ચલાવીને તે કશું પણ મહેનતાણું લીધા વિના દેશી નાટક સમાજમાંથી છૂટા થયા. ચંદુલાલ દલસુખરામ ઝવેરીએ ૧૯૦૩ થી ૧૯૨૩ સુધી આ કંપની ચલાવી હતી.[૨૪] ડાહ્યાભાઇએ સ્થાપેલી આ નાટક કંપની આજસુધી ચાલતી રહી છે.

ડાહ્યાભાઇએ ટૂંકા આયુષ્યકાળમાં વીસથી વધુ નાટકો આપ્યાં હતાં. તેની વિગતે ચર્ચા હવે પછીના પ્રકરણોમાં કરીશું. તેમણે પોતાના જ્ઞાન અને અનુભવને નાટકના ખલમાં ઘૂંટીને એ જમાનાને એવું અદ્‌ભુત રસાયણ ભેટ આપ્યું હતું કે તેમનાં ગાયનોની સંખ્યાબંધ પંકિતઓ પરંપરાથી ઉતરી આવેલાં લોકગીતોની જેમ આજે પણ લોકકંઠે જીવતી રહી છે. નાટકને

---

૨૪ "કુમાર", માર્ચ ૧૯૬૭, પૃ. ૧૦૯-૧૧૦.

તેમણે "દુનિયાનું દર્પણ" "સતી પાર્વતી" નાટકની નાન્દીમાં કહ્યું હતું. પોતાનાં નાટકોમાં દુનિયાના વિવિધ રંગોનો કસ કાઢી આપીને એ પંક્તિઓને એમણે ચરિતાર્થ કરી બતાવી હતી. પોતે જેને "પવિત્ર" ધંધો કહેતા એ નાટકને "સમાજપ્રિય" અને "ઉચ્ચ" બનાવવા માટે તેમણે પોતાના હૈયાનું હીર રેડ્યું હતું. એક નાટકમાં તેમણે "મુસાફર" સફર તારી ટૂંકી, ભલા માણસ, કંઇ કરી લે ભલાઇ" એ પંક્તિ પાત્રમુખે બોલાવી હતી તે પોતાની નજર સમક્ષ સતત રાખીને સ્વજીવનમાં ચરિતાર્થ કરી બતાવી હતી એ તેમની લેખક અને મહાનુભાવી સજ્જન તરીકેની નોંધપાત્ર સિધ્ધિ છે. તેમની પોતાની જીવનની સફર પણ કેટલી ટૂંકી હતી ! અને કોઇકને તો શક્તિ બતાવવા ઓછામાં ઓછો એક દાયકો તો મળે, પણ ડાહ્યાભાઇને તો પાંચછ વર્ષ (૧૮૯૬-૧૯૦૨) જ સિધ્ધિ કે સફળતાનાં મળ્યાં. એક દસકાની એકંદર કારકિર્દીમાં તેમણે દાખવેલી શક્તિ આ દ્રષ્ટિએ વિરલ ગણાવી જોઇએ.